# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 16-05-2025** **Day:** Friday **Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## સંરક્ષણમંત્રી રાજનાથસિંહ: ભુજ વાયુસેના બેઝની મુલાકાતે

**સંરક્ષણ મંત્રી રાજનાથ સિંઘે ઑપરેશન સિંદૂરમાં ભારતીય વાયુસેનાની ત્વરિત અને નિર્ણાયક કાર્યવાહીની પ્રશંસા કરી અને કહ્યું, તેનાથી દેશ અને વિદેશમાં બધા ભારતીયોને ગર્વ થયો છે. ભુજમાં વાયુસેના બેઝ પર સૈનિકોને સંબોધતા સંરક્ષણ મંત્રીએ કહ્યું, દેશની ભુજા સમાન ભુજમાં આવીને હું ગૌરવ અનુભવું છે. 1965, 1971 અને 2025માં પાકિસ્તાન સામે આપણી જીતનો આ ભુજ સાક્ષી રહ્યું છે.**

**(બાઇટ : રાજનાથસિંહ)**

**સંરક્ષણમંત્રીએ સૈનિકોને સૌંબધતા કહ્યું કે આ ભારત હવે પહેલાનુ ભારત નથી, પ્રધાનમંત્રીના નેતૃત્વ હેઠળનું નવું ભારત છે. શ્રી રામના માર્ગને અનુસરીને અમે આતંકવાદને જડથી ઉખેડી નાખવાનો સકલ્પ લીધો છે.**

**(બાઇટ : રાજનાથસિંહ)**

**સંરક્ષણ મંત્રીએ કહ્યું કે ઓપરેશન સિંદૂર તો એક ટ્રેલર હતો, જરૂર પડશે ત્યારે સમગ્ર દુનિયાની આખી પિક્ચર બતાવીશું.**

**(બાઇટ : રાજનાથસિંહ)**

**-----------------------------------------------------------------------------------------**

## સંરક્ષણમંત્રી: સ્મૃતિવનની મુલાકાત

**સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે ભુજના સ્મૃતિવન મ્યૂઝિયમ એન્ડ મેમોરિયલની મુલાકાત લઈને ભૂકંપના દિવંતગોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. તેમણે કહ્યું કે સ્મૃતિવન મ્યૂઝિયમ આજે માત્ર દેશ જ નહીં પણ દુનિયા માટે ગૌરવ બન્યું છે. દેશના તમામ નાગરિકોને સ્મૃતિવન મ્યૂઝિયમની મુલાકાત લેવા તેમણે અપીલ કરી હતી.**

**(બાઇટ : રાજનાથસિંહ)**

**---------------------------------------------------------------------------------------**

## પૂર્વ કચ્છ પોલીસ વડાની સરહદી ગામોની મુલાકાત

**ભારત-પાકિસ્તાનના તણાવભર્યાં વાતાવરણ વચ્ચે સરહદી વિસ્તારના લોકોમાં જાગૃતિ, સતર્કતા આવે તે હેતુથી પૂર્વ કચ્છ પોલીસવડા સાગર બાગમારે સરહદી ગામોની મુલાકાત લઇ લોકોને સૂચનો કર્યાં હતાં.સરહદી મૌઆણા, જનાણ, કલ્યાણપર ગામની પોલીસ વડાએ મુલાકાત લઇ લોકોને જાગૃત રહેવા, જરૂરત પડે તો સ્વયંભૂ બ્લેકઆઉટ કરવા, અજાણી વ્યક્તિ, વાહન ઉપર નજર રાખવા, યુદ્ધની પરિસ્થિતિ ઊભી થાય તો પોતાનો તથા પરિવારનો બચાવ કેવી રીતે કરવો, લશ્કરને તથા પોલીસ અને સુરક્ષા એજન્સીઓને સાથ-સહકાર આપવા, મદદરૂપ થવા સહિતનાં સૂચનો, માર્ગદર્શન આપી અનુરોધ કરાયો હતો.**

**---------------------------------------------------------------------------------------**

## અમિત શાહ: ગુજરાતના પ્રવાસે

**કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આવતીકાલથી બે દિવસ ગુજરાતના પ્રવાસે આવશે. સત્તાવાર માહિતી મુજબ, શ્રી શાહ આવતીકાલે ગાંધીનગરમાં વિવિધ વિકાસકાર્યોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે.**

**---------------------------------------------------------------------------------------**